# ભાજપના પ્રદેશ સંગઠનમાં ગાંધીનગર શહેર-જિલ્લાને 'ડીંગો'

**પ્રદેશ કાર્યાલયની ૩૦ કિ.મી.આસપાસમાંથી જિલ્લાના એક પણ નેતાને સ્થાન ન મળતાં કાર્યકરોમાં નિરાશાનુ મોજુ : કોંગ્રેસમાં જિલ્લાના કાર્યકર્તાનો અવાજ યોગ્ય રીતે સંભળાય છે અને કાર્યકર્તાને સન્માન પણ મળે છે તેવી લાગણીથી કોંગીજનોમાં ખુશીનો માહોલ**

ગાંધીનગર, તા. ૭

ભારતીય જનતા પક્ષના આજે જાહેર થયેલા પ્રદેશ માળખામાં કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જિલ્લા કે શહેરના આગેવાનોને સ્થાન ન અપાતાં ભાજપના કાર્યકર્તાઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

બીજી તરફ ગાંધીનગર જિલ્લામાંથી કોંગ્રેસ દ્વારા કાર્યકરોને અપાઈ રહેલ મહત્વથી કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

રાજ્યમાં પંચાયતોની ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષકોમાં પણ ભાજપમાં પ્રદેશ કક્ષાએથી શહેર જિલ્લાના આગેવાનોને સ્થાન ન અપાતા નિરાશામાં ગરકાવ થયેલા આગેવાનોને પ્રદેશ સંગઠ્ઠનમાં સ્થાન મળશે તેવો ઊંડે ઊંડે વિશ્વાસ હતો પરંતુ આજે પ્રદેશના નવા સંગઠ્ઠન માળખામાં પણ સ્થાન ન મળતાં કાર્યકરોમાં નિરાશા સાથે રોષ ભભૂકી ઉઠ્યો છે.

બોર્ડ-નિગમો વખતે નાનો જિલ્લો હોવાથી માંડ માંડ એકાદ-બે બોર્ડ નિગમમાં સ્થાન અપાયુ હતુ. ગાંધીનગર શહેર-જિલ્લામાં ભાજપની જૂથબંધીથી વાજ આવેલી પ્રદેશ નેતાગીરીએ જે રીતે મ્હોં ફેરવી લીધુ છે તેને લઈ કાર્યકરોમાં કચવાટ અને રોષની લાગણી ઉભી થવા પામી છે.

જિલ્લામાંથી કોંગ્રેસ પક્ષ દ્વારા કેબિનેટ મંત્રીપદ અપાયુ હતુ. આ પછી ૨૦૦૨માં ભાજપે પણ રાજયમંત્રી પદ જિલ્લાના વરિષ્ઠ નેતા વાડીભાઈ પટેલને આપ્યુ હતુ.

ભાજપના સંગઠ્ઠન માળખાને ચેતનવંતુ બનાવી પ્રથમ કમલમ્ કાર્યાલય બનાવનાર અશોક ભાવસારને આ વખતે સ્થાન મળશે તેવી આશા રખાતી હતી. પરંતુ તેમને પણ સ્થાન નથી અપાયુ આ ઉપરાંત આશિષ દવે અને અન્ય આગેવાનોને સ્થાન અપાશે તેવી અટકળો હતી પરંતુ બધી જ આશા પર પાણી ફરી વળ્યુ છે.

કોંગ્રેસ પક્ષે પ્રદેશકક્ષાએ નિશીત વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલને સમાવ્યા આ ઉપરાંત કચ્છની પેટા ચૂંટણીમાં અબડાસા બેઠકના ઈન્ચાર્જ તરીકે ડૉ. સી.જે. ચાવડાની નિમણુંક બાદ પુનઃ તેમને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણી માટે નિરીક્ષક તરીકેની જવાબદારી સુપ્રત કરવામાં આવી છે. કોંગ્રેસમાં જિલ્લાના આગેવાનોને મળતા મહત્વથી કોંગ્રેસમાં ખુશીનો માહોલ છે. ભાવનગર જિલ્લાના પ્રભારી તરીકે વિરેન્દ્રસિંહ વાઘેલાની સતત ત્રીજીવાર પસંદગી કરી તેમની સંગઠ્ઠન શક્તિને સન્માનિત પણ કોંગ્રેસે કરી છે.

જિલ્લા ભાજપના આગેવાનોને જે રીતે દૂર રાખવામાં આવ્યા છે તેને લઈ કાર્યકર્તાઓ નિરાશ થયા છે. કમલમ પ્રદેશ કાર્યાલય જે જિલ્લામાં છે ત્યાં જ કોઈ કુશળ સંગઠ્ઠન પક્ષને ના મળ્યો તેવા ટોણા પણ કાર્યકરોને મળતા થયા હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી હવે ગ-૪ થી ગ-૩ વચ્ચેનો માર્ગ બંધ

**ગ માર્ગ પર ટ્રાફિકની અવરજવરને અનુલક્ષી ડાયવર્ઝન અપાયુ : ગ માર્ગ પર ગ-૫ થી ઘ-૫ અને ચ-૫ થઇને ચ માર્ગ પર વાહનો જઇ શકશે : ગ-૩ થી ગ-૫ તરફના વાહનો ખ-૩ થી આગળ ખ માર્ગ પર અને ઘ-૩ સર્કલથી ચ માર્ગ પર જઇ જકશે**

ગાંધીનગર તા ૭

શહેરના ગ માર્ગ પર હવે અન્ડર પાસનુ કામ શરૂ કરાશે જયારે ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. જેથી નગરના ઘ માર્ગની જેમ ગ માર્ગ પર પણ ટ્રાફિકનો સિનારિયો બદલાશે. ગ માર્ગ પર વાહનોનુ ડાયવર્ઝન કરી દેવાયા બાદ હવે વાહનોની અવરજવર પણ ગ-૪ થી ગ-૩ વચ્ચે બંધ રહેશે. જયારે નાના ગ-૫ થી મોટા ઘ-૫ થઈને ચ માર્ગ પર વાહનો જઈ શકશે.

શહેરના ગ માર્ગ પર અન્ડપ પાસની કામગીરી હવે શરૂ કરવામાં આવશે. જયારે હાલ નગરના ઘ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ઘ માર્ગ પર આગામી ટુંક સમયમાં જ અન્ડર પાસની યોજના પુર્ણ થઈ જશે જયારે હવે ગ માર્ગ પર આ પ્રકારનો અન્ડર પાસ બનાવવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. નગરના ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી શરૂ કરતા પુર્વે તંત્ર દ્વારા ટ્રાફિકનો સર્વે કરાયો હતો જયારે આ સર્વેના અંતે ટ્રાફિકને કઈ રીતે ડાયવર્ઝન આપવુ તે અંગે પણ અભ્યાસના અંતે ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. અન્ડર પાસની કામગીરી શરૂ કરતા પુર્વે કોર્પોરેશન દ્વારા ગ-૪ થી ગ-૩ વચ્ચેનો માર્ગ સદંતર બંધ કરી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા કામચલાઉ ડાયવર્ઝન પણ તૈયાર કરી દેવાયુ છે. કોઈપણ પ્રકારની અડચણ વિના ટ્રાફિક ડાયવર્ટ થાય તે મુજબ ડાયવર્ઝન અપાયુ હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. જેમાં હવે ડાયવર્ઝનના અંતે નગરમાં ઘ માર્ગ પર બાદ ગ માર્ગ પણ ટ્રાફિકનો સિનારિયો બદલાશે. નગરના ગ માર્ગ પર ગ-૪ થી ગ-૩ સુધીનો માર્ગ બંધ રહેશે. અન્ડર પાસના બાંધકામ દરમિયાન આ રૂટમાં વાહનોની સરળતા પુર્વક અવરજવર થઈ શકે તે માટે બન્ને જંકશનને જોડતા માર્ગો પર ડાયવર્ઝન અપાયુ છે. જયારે આ ડાયવર્ઝન મુજબ હવેથી ગ માર્ગ પર નાના ગ-૫ થી મોટા ઘ-૫ અને ચ-૫ થઈને ચ રોડ પર વાહનોની અવરજવર થશે. જયારે ખ-૫ ના રૂટમાં પણ વાહનો આગળ જઈ શકશે. ગ-૩ થી ગ-૫ તરફ આવનારા વાહનો ખ-૩ થઈને ખ-૩ તઈને ખ માર્ગ પર વાહનો જઈ શકશે. જયારે ઘ-૩ સર્કલથી ચ માર્ગ પર જઈને વાહનો જઈ શકશે.

# શહેરમાં ઠંડીની વધ-ઘટ વચ્ચે કમોસમી વરસાદની આગાહી



ગાંધીનગર, તા. ૭


ગાંધીનગર શહેરમાં ઠંડીમાં સતત વધ-ઘટ થઈ રહી છે. છેલ્લા બે દિવસથી ઠંડીમાં એક-બે ડિગ્રીનો સતત વધારો-ઘટાડો થઈ રહ્યો છે. ઠંડીમાં વધ-ઘટ વચ્ચે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે.

જાન્યુઆરી માસના પ્રારંભે ઠંડીમાં રાહત મળતી જણાય છે. છેલ્લા બે-ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાનનો પારો ૧૦ થી ૧૨ ડિગ્રી વચ્ચે રહ્યો છે. દિવસનું મહત્તમ તાપમાન ગુરૂવારે ઘટ્યુ હતુ. ઠંડીના વધારા-ઘટાડા વચ્ચે વાતાવરણમાં પણ સતત બદલાવ આવી રહ્યો છે. આકાશમાં ક્યારેક વાદળો વેરાય છે તો ક્યારેક તે એકદમ ચોખ્ખુ થઈ જાય છે.

હવામાન વિભાગે પુનઃ કમોસમી વરસાદની આગાહી કરી છે. આગામી તા. ૮, ૯ અને ૧૦ ના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પરિવર્તન આવી શકે છે અને કમોસમી વરસાદ વરસી શકે છે.

# ગાંધીનગર મેટ્રો રેલનું ૧૮મીએ ઈ-ખાતમૂહુર્ત

**૧૬મીએ એરસ્પેસ હોટલ અને રેલવે સ્ટેશનનું લોકાર્પણ તો ૧૮મીએ સંપૂર્ણ એલીવેટેડ મેટ્રોરેલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાન મોદીના હસ્તે કરવામાં આવે તેવી સંભાવના**



ગાંધીનગર, તા. ૭

આગામી ૧૬ જાન્યુઆરી અને ૧૮ જાન્યુઆરી જિલ્લાના વિકાસ માટેના નવા સીમાચિહ્નો લઈ આવવાના દિવસો બનશે.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં પહેલી નિર્માણ પામેલ એર સ્પેસ ફાઈવસ્ટાર હોટલનું લોકાર્પણ કરે અને રેલવે સ્ટેશનના નવા બિલ્ડીંગનું પણ લોકાર્પણ કરે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. તંત્ર દ્વારા હાલ આ માટે ધીમી ગતિએ તૈયારીઓ ચાલી રહી હોવાનો આડકતરો એકરાર પણ કરવામાં આવે છે.

આમ તો રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર એર સ્પેસ ફાઈવસ્ટાર હોટલ બનાવવાનું સ્વપ્ન પણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ જોયુ હતુ અને તેની ખાતવિધિમાં પણ તેમના કરકમલોથી સંપન્ન થઈ હતી.

એર સ્પેસ હોટલનું લોકાર્પણ કરવામાં થોડેક વિલંબ જરૂર થયો છે પણ દેર સે આયે દુરસ્ત આયે... પહેલાં હોટલ થ્રી સ્ટાર બનાવવાનું આયોજન હતુ પણ પાછળથી આ હોટલને ફાઈવ સ્ટાર બનાવવામાં આવી છે.

૩૦૦ જેટલા રૂમની સુવિધા અને બિલીપત્ર આકારની આ

● અનુસંધાન પાન-૭ પર

# સાતમા પગારપંચ હેઠળના લાભો ન મળતા વિજ કર્મચારીઓ આંદોલનની રાહે

**આગામી તા ૨૧ જાન્યુઆરીના રોજ રાજયના ૫૫ હજાર વિજકર્મચારીઓ સામુહિક રજા પર ઉતરશે : ન્યાય નહીં મળે તો અચોક્કસ મુદત સુધી હડતાલની ચિમકી**

ગાંધીનગર તા ૭

ગુજરાત રાજયના વિજ કર્મચારીઓ આગામી સમયમાં પોતાની માંગણીઓને અનુલક્ષીને ઉગ્ર લડત આપશે. સાતમા પગારપંચના હેઠળ મળળાપત્ર લાભો , ભથ્થાઓનુ ચુકવણુ હજુ સુધી ન થયુ હોવાના રોષ સાથે રાજયના તમામ વિજ કર્માચારીઓની એક બેઠક મળી હતી જેમાં આગામી દિવસોમાં તેમના પ્રશ્નના નિરાકરણની માંગ સાથે રાજયમાંથી ૫૫ હજાર કર્મચારીઓ આંદોલનની રાહે લડતમાં જોડાશે તેમ પણ જણાંવાયુ છે. વિજ કર્મચારીઓ આગામી તા ૨૧ જાન્યુઆરીના રોજ માસ સી એલનો કાર્યક્રમ પણ આપશે.

ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિના સંયોજક ગિરિશ જોષીના જણાંવ્યા મુજબ વિજ કર્મચારીઓની બેઠક દરમિયાન આગામી તા ૧૬ જાન્યુઆરીથી લડત ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેમાં તા ૨૧ જાન્યુઆરીથી રાજયના ૫૫ હજાર જેટલા વિજ કર્મચારીઓ સામુહિક સી એલનો કાર્યક્રમ આપશે. વિજ કર્મચારીઓ

● અનુસંધાન પાન-૭ પર

# માર્ગ વાઈડનીંગ દરમિયાન ગટર લાઈનના ૧૫ મેઈનહોલમાં ભંગાણ

**આદિવાડા અને સે-૨૮ જી આઇ ડી સી ના વિસ્તારમાં ગટરોનો દુષિત પાણી ફરી વળ્યા : સ્થળ સ્થિતિનો અભ્યાસ કર્યા વગર જ બુલડોઝર ફેરવી દેવા ટેવાયેલા કોર્પોરેશનના તંત્રએ સ્માર્ટ કાર્યપધ્ધતિ અપનાવાની અનિવાર્યતા : વરસાદી દિવસો દરમિયાન પણ સેક્ટરોમાં ઠેર ઠેર મોતના કુવા અસ્તિત્વમાં આવ્યા હતા : ફુટપાથ પણ હજુ તુટેલી હાલતમાં : નાગરિકોમાં પ્રબળ આક્રોશ**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં માર્ગોના માટે સમસ્યા સર્જાઇ છે. સ્માર્ટ સીટીના વિવિધ વિકાસ કામો







વાઈડનીંગ તેમજ પાઈપલાઈન સહીતની અન્ય કામગીરી દરમિયાન સ્થળ સ્થિતિનો અભ્યાસ કર્યા વિના જ કોન્ટ્રાકટરો બિન્દાસ્ત બુલડોઝર ફેરવી દેતા હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. જેના લીધે કોર્પોરેશન દ્વારા વરસાદી દિવસોમાં હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના લીધે પણ સેકટરામાં ઠેર ઠેર મોટામસ ગાબડા નાગરિકો માટે જોખમી બન્યા હતા જયારે હાલ નગરના ક માર્ગ પર વાઈડનીંગની કામગીરીના લીધે ગટર લાઈનના ૧૫ જેટલા મેઈનહોલ તુટી જતા આદિવાડા તેમજ સે-૨૮ જી આઈ ડી સી માં ગટરના દુષિત પાણી ફરી વળ્યા છે. કોર્પોરેશનના વાંકે સ્થાનિકો માટે સમસ્યા સર્જાઇ છે. સ્માર્ટ સીટીના વિવિધ વિકાસ કામો દરમિયાન કોર્પોરેશનના તંત્રએ સ્માર્ટ કાર્યપધ્ધિત પણ અપનાવાની અનિવાર્યતા છે. આડેધડ ખોદકામ કરીને નાગરિકો માટે નતનવી સમસ્યા ઉભી કરવામાં માહીર કોર્પોરેશનના તંત્ર સામે સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે.

ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બનતી જાય છે. સેકટરોમાં પણ દાયકાઓ જુની ગટર લાઈન વારંવાર ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ત્યારે કોર્પોરેશનના તંત્રએ વરસાદી દિવસો પુર્વે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ દરમિયાન પણ સેકટરવાસીઓ માટે મોટી સમસ્યા ઉભી કરી હતી સેકટરોમાં ડગલે ને પગેલ ભયજનક સ્થિતિનુ નિર્માણ કર્યુ હતુ જયારે હવે ક માર્ગ પર વાઈડનીંગની કામગીરી દરમિયાન પણ ગટર લાઈનના મેઈનહોલ તોડી નાંખતા આદિવાડા તેમજ સે-૨૮ જી આઈ ડી સી માં ગટરો ઉભરાવાની સમસ્યા ઉદભવી છે. અગાઉ કોર્પોરેશનની કામગીરી દરમિયાન માર્ગો આસપાસની ફુટપાથ પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા જયારે ઘણાં ઠેકાણે યુટીલીટી લાઈન્સને પણ ડેમેજ કરવામાં આવતા રહીશોની જરૂરી સેવા ખોરવાઈ હતી. જયારે હાલ ક માર્ગ પર વાઈડનીંગની કામગીરી દરમિયાન ઠેર ઠેર ગટર લાઈનના મેઈનહોલ તુટેલી હાલતમાં જોવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૭ નવા કેસ : ૨૪ને ડિસ્ચાર્જ

**ગાંધીનગરમાં ૪, માણસામાં ૨ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા : સે. ૩૦ માં ૪, સે. ૨૨ માં ૨ કેસ સહિત નવા ૮ કેસ શહેરમાં નોંધાયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૭ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના નવ કેસ અને ગાંધીનગર શહેરના ૮ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે ૨૦ થી પણ ઓછા કેસ નોંધાતા તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા નવ કેસમાં ગાંધીનગરમાં ૪, માણસામાં ૨ અને દહેગામના ૩ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આજે ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે માત્ર બે જ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે અડાલજ, ઝુંડાલમાંથી એક-એક કેસ તો પેથાપુરમાંથી બે કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ મળ્યા છે. ખરણા અને વિહાર ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ અર્બનમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સની સૂચના સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે કરાવવા માટેની તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના ૮ કેસ મળી આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બર્ડ ફ્લુને મામલે સર્વે

**૨૩ જેટલી ટીમો બનાવી સર્વે કરાયો : ૧૬ જેટલા પોલ્ટ્રી ફાર્મ પર સતત નજર રાખવા તંત્રની કડક તાકીદ**





ગાંધીનગર, તા. ૭

દેશના ચાર રાજ્યોમાં દેખાયેલા બર્ડફ્લુના કેસોને પગલે રાજ્યને પણ એલર્ટ આપવામાં આવ્યુ હોવાથી જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને જિલ્લા પશુપાલન અધિકારી એસ.આઈ. પટેલને બોલાવી અને સર્વે કરવા સહિતની જરૂરી સૂચનાઓ આપી હતી.

જિલ્લા પશુપાલન અધિકારીએ મળેલ સૂચનાને પગલે ૨૩ જેટલી ટીમો બનાવી ૧૬ જેટલા પોલ્ટ્રી ફાર્મ પર તાત્કાલિક સર્વેની કામગીરી કરી હતી.

બર્ડફ્લુના લક્ષણો ધરાવતા કોઈ પશુ કે પંખી આ સર્વેમાં મળી આવ્યા નથી પણ સાવચેતી, સતર્કતા અને સુપરવિઝન રાખવા જિલ્લાના તમામ પશુપાલનના અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

બર્ડફ્લુના પગલે કેન્દ્રએ આપેલી ચેતવણીને લઈ રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવે પણ આરોગ્યના અધિકારીઓને સતર્ક રહેવા વિડીયો કોન્ફરન્સ કરી સૂચના આપી છે.

દરમ્યાન જિલ્લા પશુપાલન અધિકારી એસ.આઈ. પટેલે બર્ડફ્લુની ગંભીરતા અને શિયાળાની ઋતુને ધ્યાને લઈ આ રોગ ન થાય તે માટે પણ પશુ ચિકિત્સા અધિકારીઓને સૂચના આપી જણાવ્યુ છે.

પટેલે આજે જિલ્લાના ૪ તાલુકામાં પશુચિકિત્સા અધિકારીઓની ૨૩ ટીમો બનાવી સર્વે કરવા માટે સૂચના આપેલ છે તેમજ કાર્યક્ષેત્ર હેઠળના ગામોમાં પોલ્ટ્રી ફાર્મ હોય તો તેની નિયમીત તેમજ સમયાંતરે મુલાકાત લઈ તથા આ રોગની ગંભીરતા બાબતે પોલ્ટ્રી ફાર્મસને માહિતગાર કરવા પણ ક્ષેત્રીય કર્મચારીઓને જણાવેલ છે. જો વધુ પ્રમાણમાં પક્ષીઓના મરણ જણાય તો તેના

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com